Received on : 06-03-2026
Registered on : 06-03-2026
Decided on : 17-03-2026
Duration : Y M D
- - 11

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૧૭૩/૨૦૨૬.**

આંક–

**અરજદાર.** રામશીભાઈ રાણાભાઈ રામ,
ઉ.વ.આ.૬૪,ધંધો–નિવૃત,
રહે.જુનાગઢ, ઠે.મોતીબાગ પાસે,
આઈ.સી.આઈ.સી.આઈ બેન્ક સામે,
રાયજીનગર, જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** ઈ.પી.કો.કલમ ૩૦૬, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬ તથા મનીલેન્ડર્સ એકટ ૪૦, ૪૦(ક), ૪૨(ક)(ઘ) મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ તાલુકા પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૦૧૫૭૪/૨૦૨૦

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી આર.કે.નીમાવત
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**–: ઠ રા વ :–**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ તાલુકા પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૦૧૫૭૪/૨૦૨૦, ઈ.પી.કો.કલમ ૩૦૬, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬ તથા

મનીલેન્ડર્સ એકટ ૪૦, ૪૦(ક), ૪૨(ક)(ઘ) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, વચગાળાના જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક–૦૫ થી તપાસ કરનાર અમલદાર એમ.એમ.હીંગોરા, પોલીસ સબ ઈન્સ્પેકટર, જુનાગઢ બી.ડીવી.પો.સ્ટે.નાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, જૂનાગઢ તાલુકા પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૦૧૫૭૪/૨૦, ઈ.પી.કો.કલમ ૩૦૬, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬ તથા મનીલેન્ડર્સ એકટ ૪૦, ૪૦(ક), ૪૨(ક)(ઘ) મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. આ કામે ગુનાની તપાસ પુર્ણ થતા તેના સેશન્સ કેસ નં.૪૮/૨૦૨૧ રહેલ છે અને ચાર્જશીટમાં હાલના કામના અરજદાર/આરોપી નં.૧૩ તરીકે રહેલ છે. અરજદાર/આરોપી ટ્રાયલ દરમ્યાન આવી શકેલ નહી. અરજદાર/આરોપીના પત્ની કેન્સરથી પીડાય છે. તેઓની સારવાર ચાલુ છે અને તેઓની સર્જરી કરવાની રહે છે. અરજદાર/આરોપી તેઓની પત્નીની સારવાર માટે રોકાયેલા હતા અને તે કારણસર ટ્રાયલ દરમ્યાન હાજર રહી શકેલ નહી. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો હવે પછી નિયમીત હાજર રહેશે તેવી રજુઆત કરેલ છે. જેથી અરજદાર/આરોપીની જામીન ઉપર મુકત કરવા જણાવેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામે સેશન્સ કેસ નં.૪૮/૨૦૨૧ ના કામે અરજદાર/આરોપી હાજર ન રહેતા તેઓની સામે પકડ વોરંટ કાઢવામાં આવેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર ન રહેતા કેસ ચાલી શકેલ નથી. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીવખત ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી જેથી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી એમ.એમ.હીંગોરા, પોલીસ સબ ઈન્સ્પેકટર, જુનાગઢ બી.ડીવી.પો.સ્ટે.નાઓનું આંક–૦૫ નું સોગંદનામું ધ્યાને લીધુ તથા રેકર્ડ ધ્યાને લીધુ. આ કામે સેશન્સ કેસ નં .૪૮/૨૦૨૧ ના કામે હાલના કામે અરજદાર/આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર ન રહેતા તેઓની સામે પકડ વોરંટ કાઢવામાં આવેલ હતું. ત્યારબાદ તેઓ પકડ વોરંટના આધારે હાલ જયુડી.કસ્ટડીમાં રહેલ છે. અરજદાર/આરોપીને અગાઉ અત્રેની કોર્ટ ધ્વારા જામીન ઉપર યોગ્ય શરતોને આધિન મુકત કરવામાં આવેલ હતા. વધુમાં અરજદાર/આરોપી તેઓની પત્ની કેન્સરના રોગથી પીડાય છે અને તે કારણસર તેઓની સારવાર માટે રોકાયેલ હોય તેવી રજુઆત રહેલ છે. તેમજ આ કામે અરજદાર/આરોપીએ માર્ક–૩/૩ થી હોસ્પિટલના બીલો રજુ રાખેલ છે. આમ, અરજદાર/આરોપીની રજુઆતમાં વજુદ જણાય છે. વધુમાં અરજદાર/આરોપી હવે પછી નિયમીત હાજર રહેશે તેવી હકીકત જણાવે છે. તે સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયી જણાય છે.

**<u>–:હુકમ:–</u>**

– હાલના અરજદાર/આરોપી રામશીભાઈ રાણાભાઈરામ, રહે.જુનાગઢ, ઠે.મોતીબાગ પાસે, આઈ.સી.આઈ.સી.આઈ બેન્ક સામે, રાયજીનગર, જુનાગઢવાળાની

ભારતીય નાગરીક સુરક્ષા સહિંતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી 'મંજુર' કરવામાં આવે છે.

– અરજદાર/આરોપી રામશીભાઈ રાણાભાઈ રામ,રહે.જુનાગઢ, ઠે.મોતીબાગ પાસે, આઈ.સી.આઈ.સી.આઈ બેન્ક સામે, રાયજીનગર, જુનાગઢવાળાઓને જૂનાગઢ તાલુકા પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૦૧૫૭૪/૨૦૨૦, ઈ.પી.કો.કલમ ૩૦૬, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬ તથા મનીલેન્ડર્સ એકટ ૪૦, ૪૦(ક), ૪૨(ક)(ઘ) મુજબના ગુનાના કામે રૂ.૫૦,૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન તેઓને જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

**શરતો :**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી, લોભ–લાલચ કે દબાણ આપવા નહી કે કોઈપણ રીતે સંપર્ક કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનુ હાલનુ અને કાયમી સરનામુ અત્રેની અદાલત સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવુ અને સરનામુ બદલાય તો તે અંગેની અત્રેની અદાલતને જાણ કરવી. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર તથા આધાર નંબર જાહેર કરવા.

૩. અરજદાર/આરોપીએ ભવિષ્યમાં કોઈ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવણી થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

– આ હુકમની જાણ હકુમત ધરાવતા પોલિસ સ્ટેશનને કરવી.

આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૭/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)